રસાકસીભરી ચૂંટણી : વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં ઉત્સાહભેર 4515 પૈકી 3337 મતદારોએ મતદાન કર્યું

બરોડા બાર એસો.ની ચૂંટણીમાં હસમુખ ભટ્ટ પ્રમુખપદે નિશ્ચિત

વહેલી સવારથી દિવાળીપુરા કોર્ટમાં મોટી સંખ્યામાં વકીલ મતદારો મતદાન કરવા માટે ઉમટ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા બાર એસોસિએશનની ચૂંટણીમાં થઇ રહેલી મત ગણતરીમાં આ લખાય છે ત્યાં સુધીમાં હસમુખ ભટ્ટ તેમના પ્રતિસ્પર્ધી નલીન પટેલ કરતાં ૨૦૦ કરતા વધારે મતથી આગળ ચાલી રહ્યા હોવાથી પ્રમુખપદે તેમનો વિજય નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે. જોઈન્ટ સેક્રેટરીમાં મયંક પંડ્યા તેમના પ્રતિસ્પર્ધી પૃથ્વી બિરબલ કરતાં આગળ ચાલી રહ્યા છે જનરલ સેક્રેટરીની પોસ્ટ માટે હિતેશ ઠક્કર તેમના પ્રતિસ્પર્ધી રાહુલ ભટ્ટ કરતા ઘણા આગળ છે, જયારે ખજાનચીની પોસ્ટ માટે ધોત્રે નિમિષા તેમના પ્રતિસ્પર્ધી કૃપાલીબેન શર્મા કરતા મોટા માર્જિનથી આગળ ચાલી રહ્યા છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો. ત્યારે તમામ મતદાન મથકો સીસીટીવીથી સજ્જ કરી દેવાયા હતાં. ત્યારે આજે વહેલી સવારથી જ વકીલ મંડળની 37 પદ માટેની ચૂંટણી માટે ભારે ઉત્સાહ ભેર મતદાન શરૂ થયું હતું. જેમાં 4515 મતદારો હોવા છતાં 3337 જેટલા મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં પ્રમુખના ઉમેદવારોમાંથી નલીન પટેલને ભાગે 44 ટકાની આસપાસ તથા હસમુખ ભટ્ટને 55 ટકા આસપાસ મોડી રાતે 9 વાગ્યા સુધી મત મળ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં હસમુખ ભટ્ટ નલીન પટેલ કરતા 106 મતે આગળ ચાલી રહ્યાં હતા. વડોદરા વકીલ મંડળની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ચુંટણી પંચ દ્વારા મતદાને લઇને તમામ તૈયારી લગભગ પૂર્ણ કરી લેવામાં આવી છે.

ત્યારે આ વખતે વડોદરા બાર એસોસિએશનની ચૂંટણીમાં ભારતના ઈતિહાસમાં પ્રથમવાર વધુમા વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રીઅલ ટાઇમ ડેટા અને લાઇવ ટ્રેકિંગ સિસ્ટ્મ દ્વારા લોકશાહીના પર્વને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ ચુંટણી પંચ દ્વારા કરાઇ રહ્યો છે. ચુંટણી દરમિયાન સામાન્ય રીતે પરિણામો માટે કલાકો સુધી રાહ જોવી પડતી હોય છે. પરંતુ આ વખતે વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં મતદાન ઈન્ટરનેટ પર લાઇવ અપડેટ થશે. આ પ્રક્રિયા માત્ર વડોદરા પૂરતી મર્યાદિત નહીં રહે પરંતુ લિંક દ્વારા દુનિયાના કોઇ પણ જગ્યા પર બેઠેલા લોકો નિહાળી શકશે. ચુંટણી દિવસે કેટલું મતદાન થયું છે. કોણે મતદાન કર્યું છે તેની મહત્વ પૂર્ણ વિગતો લાઇવ ઉપલબ્ધ હોવાથી બોગસ વોટિંગ થવાની સંભાવના નથી. ચુંટણી પ્રક્રિયા સરળ રીતે થાય તેના માટે તમામ મતદાન મથકો પર સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવામાં આવ્યાં હતાં. મતદાન માટે મંડપ પણ તૈયાર કરી દેવામાં આવ્યા હતાં. ત્યારે આજે 19 ડિસેમ્બરના રોજ વહેલી સવારથી મતદાન શરૂ થયું હતું અને સમર્થકોએ પોતાના ઉમેદવારોને ની જીત માટે સૂત્રોચ્ચાર કર્યા હતાં. સાંજના પાંચ વાગ્યાં બાદ સુધી ચુંટણી પ્રક્રિયા ચાલી હતી. જેમાં 3337 મતદારોએ ભારે ઉત્સાહ ભેર મતદાન કર્યું હતું. જેમાં 33 ટકાની આસપાસ મતદાન થયું હતું

બાર એસોસિએશની ચૂંટણીમાં મતદાન કરવા આવેલા વકીલ મતદારનું મોત

19 ડિસેમ્બરના રોજ યોજાયેલી વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં મતદારો ઉત્સાહ અને ઉમંગ સાથે મતદાન કરવા માટે દિવાળીપુરા કોર્ટમાં આવ્યાં હતા. ત્યારે વકીલ મતદારો પોતાના ઉમેદવારો ટે ભારે ઉત્સાહ ભારે જીતના નારા લગાવતા હતા. ત્યારે મતદાન કરવા માટે આવેલા એડવોકેટ અક્ષય જાની મતદાન કરવા માટે પહોંચ્યાં હતા.પરંતુ તેમની અનાક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને હૃદય રોગના હુમલાના કારણે તેઓ ઢળી પડ્યાં હતા જેથી તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડાયાં હતા પરંતુ સારવાર મળે તે પહેલા તેમનું મોત નિપજ્યું હતું.

ભવિષ્યલક્ષી શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો

નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન હેઠળ વડોદરામાં મેન્ટર ઈન્ડિયા એકેડમીનો પ્રારંભ

ઇનોવેટર્સ તૈયાર થવામાં મહત્વપૂર્ણ યોગદાન મળશે એવી આશા વ્યક્ત કરવામાં આવી છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

નિતિ આયોગના અટલ ઈનોવેશન મિશન (AIM) હેઠળ ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત મેન્ટર ઈન્ડિયા એકેડમી (MIA) તરીકે વડોદરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગને પસંદ કરવામાં આવ્યું છે. કોટાંબી ખાતે આવેલા વડોદરા ઈન્સ્ટિટ્યૂટમાં આ એકેડમીનો ઔપચારિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પહેલનો મુખ્ય હેતુ શાળા શિક્ષણમાં નવીનતા, માર્ગદર્શન અને મેન્ટરશિપ સંસ્કૃતિને મજબૂત બનાવવાનો છે. કાર્યક્રમ અંતર્ગત શિક્ષકો, મેન્ટરો અને વિદ્યાર્થીઓ માટે વિવિધ શૈક્ષણિક તથા ઈન્ટરએક્ટિવ સત્રો યોજાયા હતા, જેમાં નવીન વિચારસરણી, સમસ્યા ઉકેલ ક્ષમતા અને ભવિષ્યલક્ષી શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અટલ ઈનોવેશન મિશનના પ્રતિનિધિઓ, RMOC, શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો તેમજ વિવિધ શાળાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તાઓ દ્વારા AIMની ભૂમિકા, મેન્ટર ઈન્ડિયા એકેડમીના ઉદ્દેશ્યો અને શિક્ષણ ક્ષેત્રમાં તેની અસર અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વડોદરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગને મેન્ટર ઈન્ડિયા એકેડમી તરીકે મળેલી આ માન્યતા રાજ્ય માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.

કેન્દ્રીય મંત્રી સાથે લેબર કોડ અંગે ચર્ચા કરી

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીના માર્ગદર્શનમાં સંસદ ભવનની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

એચઆર પ્રોફેશનલ્સ માટે કાર્યરત અગ્રણી સંસ્થા વડોદરા એચઆર ફોરમ (VHRF) ના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીના માર્ગદર્શન હેઠળ દિલ્હી સ્થિત ભારતના સંસદ ભવનની મુલાકાત લીધી હતી. જે દરમિયાન તેઓએ કેન્દ્રીય મંત્રી સાથે લેબર કોડ અંગે ચર્ચા કરી હતી.

જે વિશે માહિતી આપતા VHRF ના પ્રમુખ અર્જુન સોલંકીએ જણાવ્યું હતું કે, એચઆર પ્રોફેશનલ્સ સુધીર શેઠી, સુરેન રાઠોડ અને શ્રીધર કંથારિયા તથા અન્ય પ્રતિનિધિઓ સાથે અમે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયા સાથે બેઠક કરી હતી. જેમાં નવા લેબર કોડના અમલીકરણ અંગે વિગતવાર ચર્ચા કરી અને મંત્રીએ લેબર કોડ

સંબંધિત પ્રશ્નો તેમજ ચિંતાઓ અંગે વડોદરાના એચઆર પ્રોફેશનલ્સ સાથે સીધો સંવાદ કરવા માટે આગામી સમયમાં વડોદરાની મુલાકાત લેવાની તૈયારી દર્શાવી હતી. આ સાથે વડોદરા એચઆર ફોરમના પ્રતિનિધિમંડળે લોકસભાના સ્પીકર ઓમ બિરલા સાથે પણ મુલાકાત કરી વડોદરા એચઆર ફોરમની પ્રવૃત્તિઓની જાણકારી મેળવી હતી અને એચઆર ક્ષેત્રે સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યોની પ્રશંસા કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

બિશપ ગેમ્સ 6.0 નો ભવ્ય પ્રારંભ થયો

હાઈ-એનર્જી બાઈક રેલી સાથે રમત અને વ્યવસાયનું સંયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

મધ્ય ગુજરાતની સૌથી મોટી ઈન્ટર-સિટી બિઝનેસ સ્પોર્ટિંગ ઈવેન્ટ્સમાંની એક બિશપ ગેમ્સ 6.0 (Bishop Games 6.0) નો સત્તાવાર પ્રારંભ ભવ્ય અને ઉત્સાહભરી બાઈક રેલી સાથે કરવામાં આવ્યો. આ રેલી સાથે જ એન્ટ્રેપ્રેનરશીપ, લીડરશીપ અને રમતગમતના સેલિબ્રેશનનો માહોલ ઉભો થયો હતો. વડોદરા, આણંદ, નડિયાદ, ભરૂચ અને અંકલેશ્વરના BNI સભ્યો એકસાથે જોડાઈ બોર્ડરૂમની બહાર પણ સહયોગ અને એકતાની શક્તિનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું હતું. બિશપ ગેમ્સ 6.0 માં 13 BNI ચેપ્ટર્સના 600થી વધુ બિઝનેસ ઓનર્સ ભાગ લઈ રહ્યા છે. આ ઈવેન્ટમાં ઈન્ડોર, આઉટડોર તથા

પરંપરાગત ફોર્મેટ્સને આવરી લેતી કુલ 10 વિવિધ સ્પોર્ટ્સ ડિસિપ્લિન સામેલ છે. ક્રિકેટ અને બેડમિન્ટન મુખ્ય આકર્ષણ તરીકે ઉભરી આવ્યા છે, જ્યારે સતોડિયું અને ક્રોકેટ જેવી પરંપરાગત રમતોનો સમાવેશ આ આવૃત્તિને ખાસ બનાવે છે. આ રમતો પ્રાદેશિક સંસ્કૃતિ, રમતગમત અને સમાવેશની ભાવનાની ઉજવણી કરે છે. બરોડા, આણંદ-નડિયાદ, ભરૂચ અને અંકલેશ્વરના BNI ચેપ્ટર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કલ્પેશ જે. શાહના નેતૃત્વ હેઠળ બિશપ ગેમ્સનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું છે. નાણાકીય બજારો અને બિઝનેસ નેટવર્કિંગ ક્ષેત્રમાં લગભગ ત્રણ દાયકાના અનુભવ સાથે કલ્પેશ શાહ સમુદાય નિર્માણ અને નેતૃત્વ જોડાણ દ્વારા વ્યવસાય ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમના જણાવ્યા મુજબ, "બિશપ ગેમ્સ માત્ર મેચ જીતવા વિશે નથી, પરંતુ બિઝનેસ લીડર્સ વચ્ચે વિશ્વાસ, સંબંધો અને સૌહાર્દ ઊભું કરવાનો પ્રયાસ છે. બિશપ ગેમ્સ 6.0 નું સંચાલન લાઈફ લેન્સ ઈન્ટિરિયર્સ OPC પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

'સેવા-શાસ્ત્ર-સંકલ્પ'ના મંત્ર સાથે ત્રણ દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન

મેડિકલ ક્ષેત્રના મહાકુંભનું વડોદરા યજમાન: 'Meta MediCon 2025'માં તબીબી વિજ્ઞાનના નવા અધ્યાય લખાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા સંસ્કારી નગરી વડોદરા આગામી ત્રણ દિવસ માટે તબીબી શિક્ષણ અને સંશોધનનું કેન્દ્ર બનવા જઈ રહી છે. ઈન્ડિયન ડાયાબિટીસ એન્ડ કાર્ડિયોમેટાબોલિક ડિસીઝેસ એસોસિએશન (IDCM) દ્વારા ચોથી વાર્ષિક રાષ્ટ્રીય પરિષદ *'Meta MediCon 2025'*નું ભવ્ય આયોજન 19 થી 21 ડિસેમ્બર, 2025 દરમિયાન શહેરના વેવ્સ ક્લબ ખાતે કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ CME ઈન્ડિયા અને એસોસિએશન ઑફ ફિઝિશિયન ઑફ ગુજરાતના સહયોગથી યોજાઈ રહી છે, જેમાં સહભાગી થનાર તબીબોને 10 GMC ક્રેડિટ પોઈન્ટ્સ પણ પ્રાપ્ત થશે. આ વર્ષની પરિષદનો મુખ્ય વિષય "સેવા - શાસ્ત્ર - સંકલ્પ: આધુનિક આંતરિક ચિકિત્સાનું ત્રિવેણી સૂત્ર"

રાખવામાં આવ્યો છે. આ થીમ હેઠળ દર્દીઓની સેવા, તબીબી વિજ્ઞાનના પુરાવાઓ (શાસ્ત્ર) અને સમાજને રોગ મુક્ત કરવાનો સંકલ્પ - આ ત્રણેય પાસાઓ પર ભાર મૂકવામાં આવશે. કોન્ફરન્સમાં ભારતભરના મહાન ગરો તેમજ અમેરિકાથી આવેલા અંદાજે 75થી વધુ પ્રતિષ્ઠિત મેડિકલ લીડર્સ અને સંશોધકો પોતાના જ્ઞાનનો લાભ આપશે. આ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમને સફળ બનાવવા માટે IDCMના પ્રમુખ ડૉ. આકાશ કે. સિંહ (આયોજન અધ્યક્ષ), ડૉ. કમલદીપ ચાવલા (પરિષદ સંયોજક), ડૉ. એન. કે. સિંહ (વૈજ્ઞાનિક અધ્યક્ષ) અને ડૉ. પરાગ રાણા (મુખ્ય આયોજન સચિવ) ની આગેવાનીમાં એક મજબૂત ટીમ કાર્યરત છે. જેમાં ડૉ. સુશીલ પટેલ, ડૉ. શિશિર પટેલ, ડૉ. દીશાંક પટેલ અને ડૉ. મુદ્રિક પટેલ સચિવ તરીકે સેવાઓ આપી રહ્યા છે. વરિષ્ઠ સલાહકારો તરીકે ડૉ. અનિલ કુલશ્રેષ્ઠ અને ડૉ. અનુરાધા કપૂર માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

ગ્રામીણ આરોગ્ય સેવાઓને મજબૂત કરવા માટે ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ

5મા સેવક સેમિનારનું આયોજન 200 સેવકોનું સન્માન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

સેવક પ્રોજેક્ટ દ્વારા ગુજરાત, તમિલનાડુ, બિહાર અને ઓડિશા જેવા રાજ્યોમાં ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વિસ્તારવા માટે 15મા સેવક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિદિવસીય સેમિનાર 18 ડિસેમ્બરથી 21 ડિસેમ્બર 2025 સુધી વડોદરાની ખાનગી હોટેલ ખાતે યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં વિવિધ તબીબી નિષ્ણાતો દ્વારા સેવકોને આરોગ્ય સંબંધિત તાલીમ આપવામાં આવી રહી છે, જેથી ગામડાઓમાં રોગોનું વહેલું નિદાન અને નિવારણ શક્ય બને તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સેવક પ્રોજેક્ટ જે વર્ષ 2010થી સફળતાપૂર્વક કાર્યરત છે, અત્યાર સુધીમાં આશરે 350 ગામડાઓમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને એનિમિયા જેવા રોગોનું મફત નિદાન કરી ચૂક્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ 4 લાખથી વધુ લોકોનું સર્વે કરવામાં આવ્યું છે. આ વર્ષના સેમિનારમાં ગુજરાતમાંથી 50 અને ઓડિશા, બિહાર તેમજ તમિલનાડુમાંથી કુલ 30 જેટલા સેવકો ભાગ લઈ રહ્યા છે. પ્રોજેક્ટના ફાઉન્ડર અને ચેરમેન ડૉ. ઠાકોરભાઈ જી. પટેલ (MD, MACP, FRCP) છેલ્લા 15 વર્ષથી દર વર્ષે ડિસેમ્બરમાં અમેરિકાથી ભારત આવીને આ પ્રોજેક્ટને એકલા હાથે સંચાલિત કરી રહ્યા છે. આ સેમિનારમાં વડોદરાના પ્રખ્યાત ત્વચારોગ નિષ્ણાત ડૉ. યોગેશ મારફતિયા, ડૉ. પ્રિતેશ પટેલ, ડૉ. યતન પોપટે મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગો વિશે તાલીમ આપી હતી. આ સાથે બરોડા મેડિકલ કોલેજના ડીન ડૉ. રંજન ઐયર અને IMA વડોદરાના પ્રેસિડેન્ટ ડૉ.મિતેષ શાહ, ડૉ. જીવરાજ ડામોર (હેડ, પ્રિવેન્શન અને સોશિયલ મેડિસિન, બરોડા મેડિકલ કોલેજ) અને ડી.સી.એસ. બૂચ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પિતાએ કાર ચાલક બિલ્ડર પોલીસ ફરિયા નોંધાવી

સોપાન સાઈટના બિલ્ડરની કારે શ્રમિકની સુતેલી 5 માસની બાળકીને કચડી નાખી

પોલીસ દ્વારા સાઇટ પર લગાવેલા સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

મૂળ દાહોદના હાલમાં શેરખી ગામે રહેતા વિનુભાઈ વસનાભાઈ પણદા પોલીસ ફરિયાદ નોંધાવી છે કે હુ કડિયાકામ કરુ છુ. હુ મારી પત્નિ માનસી તથા નાનો દીકરી (ઉં.વ.5 માસ) સાથે કડીયાકામ કરુ છું. હાલમાં છેલ્લા ચાર દિવસથી ભાયલી સોપાન-55 ની નવી બનતી સાઇટનુ કડીયાકામ કરીએ છીએ. 19 ડિસેમ્બરના રોજ સવારે નવ વાગ્યે હુ મારા પત્નિ નાની દીકરી અનન્યા તથા નાનો દીકરી આર્યનને અમારી સાથે ભાયલી સૌપાન-55 ની સાઈટ પર સાથે લઈને આવ્યા હતા. મારા પત્નિએ અનન્યાને અમારી સાઈટના ગેટની બાજુમાં જમીન ઉપર ગોદડી પાથરીને સુવડાવી હતી અને દીકરો તેની સાથે રમતો હતો. હું તથા મારા પત્ની પિતરાઈ ભાઇ ત્રણેય જણા સાઇટમાં પેવર બ્લોકનું કામ કરતા હતા. તે દરમ્યાન આશરે સાડા નવ વાગે અમારી સાઈટના બિલ્ડર ઈનોવા કાર બહારથી લઈને આવ્યો હતો અને મારી દીકરી અનન્યાના માથા ઉપર કારનું ટાયર ચઢાવી દીધું હતું. મારા નાના દિકરા આર્યન એ બુમાબુમ કરી રડવા લાગ્યો હતો. જેથી અમે સ્થળ પર દોડી ગયા હતા ત્યારે દીકરી અનન્યાને માથા તથા કાનમાંથી લોહી નિકળતુ હતુ. જેથી અમે તરત જ અમારા સાઈટ સુપરવાઇઝર વાસુભાઈ મન્જીયા તેમની મોપેડ પર મારી દીકરીને ઉચકીને ભાયલી સરકારી દવાખાને લઈ ગયા હતા પરંતુ દીકરીને ગંભીર ઈજાઓ પહોંચી હોય તેને 108 એમ્બ્યુલસ મારફતે ગોત્રી સરકારી દવાખાને લઈ જતા ફરજ ઉપર ડોક્ટરે દીકરીને મૃત જાહેર કરી હતી.

હરણી તેમજ આસપાસના વિસ્તારોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા વધુ મજબૂત બનશે

હરણીમાં રૂ.19 કરોડના ખર્ચે અત્યાધુનિક ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા શહેરમાં આગ જેવી આકસ્મિક ઘટનાઓ સામે ઝડપી અને અસરકારક પ્રતિસાદ મળી રહે તે માટે મહાનગરપાલિકાએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. શહેરના હરણી વિસ્તારમાં મોટનાથ મહાદેવ નજીક રૂ. 19 કરોડના ખર્ચે નવા અત્યાધુનિક ફાયર સ્ટેશન તથા સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી હરણી તેમજ આસપાસના વિસ્તારોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ આ ફાયર સ્ટેશનનો મુખ્ય હેતુ ફાયર વિભાગની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાનો અને કટોકટીના સમયે તાત્કાલિક સેવા સુલભ કરાવવાનો છે. ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને સ્ટેશન પર જ રહેઠાણની સુવિધા મળશે, જેથી કોઈ પણ ઈમર્જન્સીમાં સમયનો વ્યર્થ ખર્ચ ટાળી શકાય. આ સમગ્ર પ્રોજેક્ટ 6155.85 ચોરસ મીટર વિસ્તારમાં વિકસાવવામાં આવશે. ફાયર સ્ટેશનના ગ્રાઉન્ડ ફ્લોર પર 10 ફાયર ટ્રક માટે ડબલ હાઇટની ઓપન સ્પેસ, સર્વિસ સ્ટેશન, સ્ટોર રૂમ, ઇલેક્ટ્રિક રૂમ, કન્ટ્રોલ રૂમ, સ્ટ્રોંગ રૂમ, લોકર રૂમ, ચેન્જ રૂમ અને જીમની વ્યવસ્થા રહેશે. ઉપરાંત ફોયર, પાણીની સુવિધા, લેડીઝ અને જેન્ટ્સ માટે અલગ ટોયલેટ બ્લોક, ટ્રેનિંગ રૂમ અને કોન્ફરન્સ હોલ પણ બનાવવામાં આવશે. અધિકારીઓની કેબિન, રેકોર્ડ રૂમ, ડાયનિંગ રૂમ, ફાયર ડ્રિલ એરિયા સહિતની પાયાની સુવિધાઓ પણ પ્રોજેક્ટમાં સામેલ છે. આ સાથે ફાયર વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ માટે એ જ બિલ્ડિંગમાં કુલ 45 જેટલા 2BHK અને 3BHK સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવશે.

વડોદરાથી અંબાજી વચ્ચે નવી એ. સી. વોલ્વો બસ સેવાની શરૂઆત

વડોદરા : વડોદરા એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર નવી એ.સી. વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ અંતર્ગત વડોદરાથી અંબાજી વચ્ચે નવી એ.સી. વોલ્વો બસ સેવા તા. ૧૯/૧૨/૨૦૨૫થી નિયમિત રીતે શરૂ કરવામાં આવશે. આ નવી બસ સેવા વડોદરા થી સવારે ૦૫:૪૫કલાકે ઉપડશે અને અંબાજી ખાતે સવારે ૧૧:૪૫ કલાકે પહોંચશે. તેવી જ રીતે, પરત ફરતી બસ અંબાજી થી બપોરે ૦૧:૧૫ કલાકે ઉપડશે અને વડોદરા ખાતે સાંજે ૦૭:૧૫ કલાકે પહોંચશે. આ એ.સી. વોલ્વો બસ સેવા શરૂ થવાથી યાત્રાળુઓ તથા સામાન્ય મુસાફરોને વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળશે. ખાસ કરીને અંબાજી જતાં યાત્રિકો માટે આ સેવા ખૂબ લાભદાયી સાબિત થશે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

વડોદરા શહેરના ગોલ્ડન જંક્શન, આજવા જંક્શન, કપુરાઈ જંક્શન, વાઘોડિયા જંક્શન અને તરસાલી જંક્શન પર નવીન વરસાદી ગટર (Box Culvert) નાખવા અંગે અત્રેથી ઈજારદાર મે. શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ ધ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર કરવાને કારણે સદર કામગીરી માટે ઉપરોક્ત જંક્શન પર વૈકલ્પીક રૂટમાં ડાયવર્ટ કરી, સદર કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ હાલના તબક્કે વાઘોડીયા જંક્શન પર તા.૨૦.૧૨.૨૦૨૫ થી આગામી દિન-૧૦ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે કામ પૂર્ણ થતાં સુધી સદર રસ્તો બંધ રહેશે. તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે. બાકીના જંક્શન પર તબક્કા વાર કામગીરી હાથ ધરવામાં આવશે.

ઉપરોક્ત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૯૪૨/૨૦૨૫-૨૬ ટ્રેનેજ-વ.ગટર પ્રોજેક્ટ શાખા ધ્વારા પ્રકાશિત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઅરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ (રૂલ ૮[૧]) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૮/૦૯/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. પરમાર નિલેશકુમાર, ૨. પરમાર વર્ષાબેન** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૫,૦૧,૯૧૩.૦૫/-(અંકે રૂપિયા પાંચ લાખ એક હજાર નવસો તેર અને પાંચ પૈસા પુરા) તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૬ મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૫,૦૧,૯૧૩.૦૫/-(અંકે રૂપિયા પાંચ લાખ એક હજાર નવસો તેર અને પાંચ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ગામતળનો ઘર નં. ૧/૩૫/૫, માપ આશરે ૭૭૦ ચો.ફુટ, મોજે ગુટરડી ઉનેર તા. સાવલી, જી. વડોદરા, ગુજરાત-૩૯૧૫૩૦ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જાહેર રોડ, **પશ્ચિમ તરફ :** વાડો, **ઉત્તર તરફ :** સ્ટ્રીટ રોડ, **દક્ષિણ તરફ :** ઉદાભાઈ ડાભાભાઈનું ઘર આવેલ છે.

સહિ/-
તારીખ : ૧૬/૧૨/૨૦૨૫ અધિકૃત અધિકારી
સ્થળ : ગુજરાત આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
લોન ખાતા નં.: ૬૦૭૬૭૭૮ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ.
અને ૧૩૩૯૧૪૩૪૬ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)